# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Wednesday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) રાજ્યની કાયદો અને વ્યવસ્થાની યોજાયેલી સમીક્ષા બેઠકમાં અસામાજિક તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા પોલીસને સરકારની સૂચના
2) અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ૧૯ મૃતકોના નશ્વર અવશેષોની અંતિમક્રિયા સરકારે ધાર્મિક વિધિ અનુસાર કરી
3) રાજ્યમાં તાવ અને ખેંચના વધતાં જતા કેસ સામે તકેદારીના ભાગરૂપે મહિસાગર જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી
4) ભારે વરસાદના પગલે રાજકોટ સહિતના રાજ્યના બિસ્માર થેયલા માર્ગોની મરામતની યુધ્ધના ધોરણે કામગીરી
5) આજે નર્મદા , સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા

-----------------------------------------------------------------------------------

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# HARSH SANGHVI MEETING

રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ખાસ સમીક્ષા બેઠક યોજી હતી..એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરવા બદલ મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવીને સ્થાનિક પોલીસને પણ એનડીપીએસના કેસ કરવા સૂચના અપાઈ હતી..

Guj CTOC હેઠળ માત્ર પાંચ મહિનામાં મહત્તમ ૮ કેસ કરી ૭૭ આરોપીઓ સામે કડક કેસ કરવા બદલ મંત્રીએ સરાહના કરી હતી.. અસામાજિક તત્વો વિરુદ્ધ થયેલી કામગીરી ઐતિહાસિક હોવાનું જણાવીને આવા તત્વો સામે હજુ કડકમાં કડક કાર્યવાહી કરવાની દિશામાં ચોક્કસ રણનીતિ ઘડવા સૂચના પણ ગૃહ રાજ્યમંત્રીએ આપી હતી.. વ્યાજખોરો સામેની ફરિયાદ લઈને આવતા અરજદારને સિનિયર ઓફિસર ખુદ સંવેદનાપૂર્વક સાંભળે અને તેની સમસ્યાનો ઉકેલ લાવે તે અંગે મંત્રી દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓને સૂચના અપાઈ હતી.. હની ટ્રેપ જેવા ગુનાઓમાં કડકમાં કડક કાર્યવાહી કરવા પણ પોલીસ વિભાગને સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# Plane crash ANTIM VIDHI

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ક્રેશ સાઇટ ખાતે મળી આવેલા માનવ અંગોની ડી.એન.એ. સેમ્પલ મેચિંગ પ્રક્રિયા બાદ તમામ નશ્વર અવશેષોની ધાર્મિક વિધિ સન્માનપૂર્વક સંપન્ન કરવામાં આવી છે.

ડી.એન.એ. સેમ્પલ મેચિંગની પ્રક્રિયા દરમિયાન હોસ્પિટલ તંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી કે , વિક્ષત માનવ અંગોની ડી.એન.એ સેમ્પલ મેચિંગ પ્રક્રિયા ચાલુ હોવાથી ભવિષ્યમાં તેમના પરિવારજનોના નશ્વર અવશેષો મળી શકે છે.

સેમ્પલ મેચિંગની પ્રક્રિયાને અંતે કુલ ૨૬ જેટલા મૃતકોના નશ્વર અવશેષોમળી આવતા તમામ સંબંધિત પરિવારજનોનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

સાત પરિવારો તેમના સ્વજનોના અંગો ધાર્મિક વિધિ માટે લઈ ગયા હતા. બાકીના પરિવારોએ હોસ્પિટલ તંત્રને તેમની તરફથી ધાર્મિક વિધિ કરવાનું જણાવ્યું હતું.તેથી કુલ ૧૯ માનવ અંગોની અંતિમ ધાર્મિક વિધિઓ સરકારી તંત્ર કરવામાં આવી હતી.

જે ૧૯ મૃતકોના નશ્વર અવશેષો ની અંતિમ વિધિ કરવાની હતી તેમાંથી એક મુસ્લિમ વ્યક્તિની દફન વિધિ સંપૂર્ણ સન્માન સાથે તેમની ધાર્મિક વિધિ પ્રમાણે મૌલવી દ્વારા કુરાન શરીફની આયત વાંચીને કરવામાં આવી હતી.

અને ૧૮ હિન્દુ મૃતકોના નશ્વર અવશેષોની અંતિમ ક્રિયા હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વાડજમાં કરવામાં આવી હતી. ત્યારબાદ , તેમના અસ્થિ સંપૂર્ણ સન્માનપૂર્વક સાબરમતીના નારણ ઘાટ પર વિસર્જિત કરવામાં આવ્યા.

આ સંપૂર્ણ પ્રક્રિયા મૃતકોને યોગ્ય સન્માન આપવા અને તેમના પરિવારજનોને આ દુઃખદ સમયમાં સહયોગ પૂરો પાડવાના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . .

# MAHISAGAR FEVER ISSUE

રાજ્યના કેટલાક જિલ્લામાં તાવ અને ખેંચ આવ્યા બાદ થોડાજ કલાકમાં બાળકોના મોત થયાની ઘટના સામે આવી છે ત્યારે મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે ચોમાસાની સિઝન માં વાહક જન્ય અને પાણી જન્ય રોગ ના થાય તેમાટે જિલ્લામાં 224 જેટલી ટીમો દ્વારા સમગ્ર જિલ્લામાં પોરા નાશક કામગીરી ની સાથે સાથે ઘરે ઘરે ફરી સર્વે ફીવર સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ..ગ્રામ્ય વિસ્તારમાં કાચા મકાનોમાં રહેતા બાળકો નો સર્વે કરી આ બાળકો ને તાવ કે ખેંચ આવે છે કેમ તેની તપાસ પણ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી રહી હોવાનું જીલ્લા મેડિકલ ઓફિસર ડોક્ટર અલ્પેશ ચૌધરીએ જણાવ્યું હતું

(બાઈટ : 1 ડૉ અલ્પેશ ચૌધરી (DMO મહીસાગર)

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

..................................

# RATNKALAKAR CHILDREN RELIFE

રત્ન કલાકારોનાં બાળકો માટે શૈક્ષણિક ફી સહાય પેટે 13 હજાર 500 ની મર્યાદામાં 100 ટકા શાળા ફી સહાય આપવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.. અમદાવાદ કલેકટરની સૂચન અનુસાર અરજીઓ દરેક શાળા કક્ષાએ સ્વીકારવાનું આયોજન કરાયું છે..

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ થી હીરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિષમ પરિસ્થિતિના કારણે અસરગ્રસ્ત રાજ્યના રત્ન કલાકારોનાં બાળકોને શિક્ષણમાં મદદરૂપ થવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદ જિલ્લા કલેકટરના વડાપણ હેઠળ રત્નકલાકારોને સહાય આપતી કમિટીની બેઠક યોજાઇ હતું..

આ બેઠકમાં અમદાવાદ ડાયમંડ એસોસિએશનના પદાધિકારીઓ અને સરકારી વિભાગના અધિકારી મેમ્બરો સાથે ચર્ચા કર્યા બાદ જિલ્લામાં આ સહાયનો મહત્તમ લાભ અસરગ્રસ્ત રત્નકલાકારો સુધી પહોંચે તેમ સુનિશ્ચિત કરાયું છે.

. . . . . . .

# AHMEDABAD PET SHOP CHORI

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાંથી એક પેટ શોપમાંથી પક્ષીઓની ચોરી કરવામાં આવી હોવાની વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.. મોડીરાત્રે કારમાં આવેલા ચોરોએ દુકાનના શટર તોડીને પંદર લાખની કિમંતના ઓફ્રિકન ઓસ્ટ્રેલિયન પોપટની ચોરી કરવામાં આવી હતી.. ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થતા વેજલપુર પોલીસે આ અંગેની તપાસ શરૂ કરી છે

. . . . . . . . . .

# RAJKOT-AMDAVAD NATIONAL HIGHWAY

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોજિંદી અવરજવર માટે મહત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરાય તેવા આદેશ આપ્યા હતા.. જેના પગલે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર બામણબોરથી આશરે સાત કિલોમીટર દૂર આવેલા ઓવરબ્રિજ પર મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ કામગીરીનો હેતુ લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો , વાહનવ્યવહારને સુચારુ અને અવરોધમુક્ત રાખવાનો તથા ભવિષ્યમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવાનો છે

. . . . . . . . . . . . .

# RAJKOT-MARG-MARAMAT

રાજકોટ જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં વરસાદથી પડેલા ખાડા સહિત માર્ગ મરામતની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.જે અંતર્ગત વોર્ડ-૧૭માં વરસાદમાં ૨૪ જેટલા ખાડાઓ ધ્યાનમાં આવતા મહાનગર પાલિકા દ્વારા ત્વરીત ટીમો મોકલી ને આ ખાડાઓ ને પૂરવામાં આવ્યા અને સિમેન્ટના બ્લોક્સ નાંખીને ખાડાનું મજબૂત પુરાણ કરીને રોડ સમથળ કરાયા હતા

. . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગઇકાલે સવારે છ વાગ્યાથી આજના સવારના ચાર વાગ્યા સુધીમાં 123 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં તાપીમાં સૌથી વધુ બે ઇંચ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે આજે રાજ્યના નર્મદા , સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બોટાદ , અમરેલી, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, તાપી અને ડાંગમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.દ્વારા આગામી 7 દિવસ રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરી છે. જે અંતર્ગત સૌરાષ્ટ્ર માં આવતા 6 દિવસ સુધી છૂટોછવાયા વરસાદની શક્યતા છે. 40 થી 50 કીમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની સાંભવનાને પગલે આગામી 4 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે હાલ દક્ષિણ ગુજરાતમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનસક્રિય જોવા મળ્યું છે. આ અંગે હવામાન વિભાગના નિયામક એ કે દાસે વધુ માહિતી આપી.

(બાઈટ – એ.કે. દાસ, હવામાન, નિયામક)

સુરેન્દ્રનગર જિલ્લામાં ગઈકાલ સાંજના 6 વાગ્યા સુધીમાં વઢવાણ તાલુકામાં 20 અને મુળી તાલુકામાં સરેરાશ 21 મીમી વરસાદ નોંધાયો છે થાનગઢ તાલુકામાં 10 મીમી જ્યારે લખતર , લીંબડી , ચૂડા ,ચોટીલા તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

. . . . . . .

# LOK ADALAT

ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રાજ્યમાં બારમી જુલાઇના રોજ લોક અદાલત યોજાશે. રાષ્ટ્રીય લોક અદાલતમાં હાઇકોર્ટથી લઇને જીલ્લા કોર્ટ સુધીની અદાલતોમાં રહેલા ચાર લાખ 39 હજાર કરતાં વધુ કેસનો સમાધાન માટે મૂકવામાં આવશે. ફોજદારી સમાધાન પાત્ર કેસ , નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ કેસ , જાહેર સેવા સંબધીત વિવાદ સહિતના કેસ રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .